આવતીકાલનો ઉજાસ

વિધિ જગતસિંહ રાઠોડ
ધોરણ-૯
બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય

અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ સુંદર પ્રદર્શન કરનારી વિધિ એક આજ્ઞાંકિત વિદ્યાર્થીની છે. સ્વભાવે વાચાળ અને સૌની સાથે ભળી જવાની વૃત્તિ ધરાવનારી આ વિદ્યાર્થીની રમતગમત ને અન્ય પ્રવૃત્તિઓમાં પણ અગ્રસ્થાને રહે છે.

ખેલ મહાકુંભમાં જુડો અને કરાટે જેવી સ્પર્ધાઓમાં તૃતિય સ્થાન પર રહી તેણે પોતાની શાળાને ગૌરવ અપાવ્યું છે.

ઍન્જિનિયરીંગની નવી કૉલેજ ઉમેરાતાં ૭૨૦ બેઠકો વધી છે

ઍન્જિનિયરીંગમાં કુલ ૬૦૪૨૩ બેઠકો : અત્યાર સુધીમાં ૨૭૯૪૧ ફોર્મ ભરાઈને આવ્યાં : હજી બેઠકો વધી શકે

અમદાવાદ, તા.૧૭

એડમિશન કમિટિ ફોર પ્રફોશનલ કોર્સીસ દ્વારા ૧૪મી મેથી ચાલી રહેલી ફોર્મ વિતરણની પ્રક્રિયામાં અત્યારસુધીમાં ૨૭૯૪૧ દિવસ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. બીજીબાજુ એન્જિનીયરીંગમાં આજે વધુ ૬ કોલેજોની ૭૨૦ બેઠકો વધતા એન્જિ.માં કુલ ૫૦૪૨૩ બેઠક થઈ છે. પ્રવેશ કમિટિ દ્વારા એન્જિનીયરીંગ અને ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયાનો ૧૪મી મેથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં ૫૨૦૮૫ બુકલેટ અને પીન નંબરનું વેચાણ થયું છે જ્યારે ૨૭૯૪૧ ફોર્મ ભરાઈને આવ્યા છે. અત્ર ઉલ્લેખનીય છે કે ચાલુવર્ષે ઓપન કેટેગરીના અને ટીએફડબલ્યુના વિદ્યાર્થીઓને હેલ્થ સેન્ટર પર પ્રવેશ ફોર્મની હાર્ડ કોપી જમા કરાવવાની જરૂર નથી.

બીજીબાજુ એઆઈસીટીઈ દ્વારા ડિગ્રી એન્જિનીયરીંગની વધુ ૬ કોલેજોની ૭૨૦ બેઠકોની મંજૂરી આપવામાં આવી છે.

નવી ૬ કોલેજોમાં એલસીઆઈટી એન્જિ. કોલેજ-ભાંડુ, નરનારાયણ શાસ્ત્રી એન્જિ. કોલેજ-જેતલપુર, સરદાર પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજી કોલેજ-પીલુદરા, જેએમ સાબવા ઈન્સ્ટીટ્યૂટ એન્જિ. ઓફ ટેક્નોલોજી-બોટાદ, વડોદરા ઈન્સ્ટીટ્યૂટ ઓફ એન્જિ. કોલેજ-વડોદરા અને વાલીયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજી કોલેજ-વાલીયાનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં નવી આવેલી કોલેજની ૬૦૬૦ બેઠકો સહિત એન્જિ.ની ૧૧૦ કોલેજોમાં ૫૦૪૨૩ બેઠકો થાય છે. પ્રવેશ સમિતિના સૂત્રોના જણાવ્યા અનુસાર તા.૨૨મી મેની આસપાસ એન્જિ.ની મંજૂર તયેલી નવી બેઠકો જાહેર કરાય તેવી શક્યતા છે.

પ્રવેશ પ્રક્રિયા પૂર્વે વિવાદ

બીએડની જવાબદારી વિવાદાસ્પદ અધિકારીને

ગુજરાત યુનિ. કુલપતિ તેમજ ઉપકુલપતિ એકબીજા ઉપર જ દોષનો ટોપલો નાંખે છે

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા મેના અંતમાં શરૂ બીએડ પ્રવેશ પ્રક્રિયાની જવાબદારી વિવાદાસ્પદ અધિકારીને સોંપતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા હજી સુધી બીએડની પ્રવેશ પ્રક્રિયાની તારીખ નક્કી કરકરવામાં આવી નથી. બીજીબાજુ બીએડની પ્રવેશ પ્રક્રિયાની જવાબદારી વિવાદાસ્પદ અધિકારીને સોંપતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ જવાબદારી અંગે કુલપતિને પુછતા તેમણે ઉપકુલપતિએ સોંપી હોવાનું જણાવ્યું હતું. જ્યારે ઉપકુલપતિને પુછતા કુલપતિએ જવાબદારી સોંપી હોવનું જણાવ્યું હતું.

આ મામલે કુલપતિ અને ઉપકુલપતિ બન્ને એક બીજા પર દોષનો ટોપલો નાખી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે આ અધિકારી પર ભૂતકાળમાં પણ ઘણા આક્ષેપો થયા છે. તેમણે અગાઉ બીએડની પ્રવેશ પ્રક્રિયામાં ગેરરિતી આચરી હોવાથી તેલને પ્રવેશ પ્રક્રિયામાંથી દુર કરાયા હતા. તેમ છતા તેમને અને તેમના મળતીયાઓને ચાલુવર્ષે બીએડની પ્રવશ પ્રક્રિયાની જવાબદારી સોંપતા ચકચાર મચી જવા પામી છે.

અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્મારક ભવનમાં કાર્યક્રમમાં ગુરુવારે સામાજિક કાર્યકર કિરણબેદી અને ફિલ્મ કલાકાર પુનમ ધિલ્લોન ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજ યુનિની અંતિમ ચરણની પરીક્ષામાં ૬૯૧૯૯ વિદ્યાર્થી બેસશે

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આવતીકાલથી ૧૧ જેટલી પરીક્ષાઓ શરુ થઈ રહી છે. આ પરીક્ષામાં કુલ ૬૯૧૯૯ વિદ્યાર્થીઓ બેસશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આવતીકાલથી શરુ થઈ રહેલી અંતિમ ફેઝની પરીક્ષામાં ૧૨ જેટલી પરીક્ષાઓ લેવાશે. જેમાં બીએ સેમીસ્ટર-બેની પરીક્ષામાં ૨૪૩૧૬, બીકોમ સેમીસ્ટર-બેમાં ૨૮૭૯૫, બીએસસી સેમીસ્ટર-બેમાં ૪૩૦૩, બીબીએ સેમીસ્ટર-એકમાં ૧૪૮૧, એમએ સેમીસ્ટર-બેમાં ૨૫૭૩, એમએ સેમીસ્ટર-ચારમાં ૧૬૩૪, એમકોમ સેમીસ્ટર-બેમાં ૧૭૨૩, એમકોમ સેમીસ્ટર-ચારમાં ૮૯૮, એમએસસી સેમીસ્ટર-બેમાં ૮૩૨ મળી ૬૯૧૯૯ વિદ્યાર્થીઓ બેસશે. અમદાવાદ શહેરમાં ૩૯૧૮૩ વિદ્યાર્થીઓ અને અમદાવાદ બહાર ૩૦૦૧૬ વિદ્યાર્થીઓ બેસશે. ચાલુવર્ષે ગુજ. યુનિ.ની પરીક્ષા છબરડાની હારમાળા સર્જાઈ છે. જેથી આવતીકાલથી શરુ થતી અંતિમ ફેઝની પરીક્ષામાં ભૂલો ન સર્જાય તે માટે પરીક્ષા વિભાગે કમરકસી છે.

ગણમાન્ય કૃષિ તજજ્ઞોની એક રાજ્યકક્ષાની સમિતિ નિમાશે

દક્ષિણ ગુજરાતનો કૃષિ ઉત્સવ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં નાના પોંઢા ખાતે યોજાયો : પશુ આરોગ્ય મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કૃષિ મહોત્સવમાં એવી જાહેરાત કરી હતી કે ખેતીમાં વેલ્યૂ એડિશન માટે કૃષિ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા કૃષિ ક્ષેત્રના ગણમાન્ય તજજ્ઞોનો સમાવેશ કરીને ગુજરાતમાં રાજ્યકક્ષાની એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આખું માળખું સંગીન બનાવવા માટે હાઈલેવલ કમિટી રચવામાં આવશે. જેમાં ગણમાન્ય કૃષિ ક્ષેત્રના તજજ્ઞો, કૃષિ વૈજ્ઞાનિકો, સરકાર અને પ્રગતિશીલ ખેડૂતોનો સમાવેશ કરાશે. આ કૃષિલક્ષી માળખાકીય સુવિધામાં કૉલ્ડ સ્ટોરેજ, પ્રીઝર્વેશન, પેકેજીંગ, માર્કેટીંગ સહિતની ફોરવર્ડ લિન્કેજનું વિઝન અપનાવશે. કૃષિ મહોત્સવ અભિયાન અન્વયે આજે વનવાસી ક્ષેત્ર નાનાપોંઢામાં દક્ષિણ ગુજરાત ઝોનના સાત જિલ્લાઓનો કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

રાજ્યના ચારેય કૃષિ યુનિવર્સિટી ઝોનના કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત રહેવાના ઉપક્રમમાં નરેન્દ્ર મોદીએ આ કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત રહેલી વિશાળ કિશાનશક્તિનું અભિવાદન કર્યું હતું. કૃષિ મેળા અને પશુ આરોગ્ય મેળાનું નિરીક્ષણ કરી મુખ્યમંત્રીએ સરદાર પટેલ કૃષિ ગૌરવ પુરસ્કાર વિજેતા કૃષિના ઋષિનું જાહેર સન્માન કર્યું હતું.

કૃષિ, બાગાયત સાધન-સહાયનું લાભાર્થીઓને વિતરણ કર્યું હતું. કૃષિ મહોત્સવે ગુજરાતમાં કૃષિ ક્રાંતિ કઈ રીતે થાય એની દિશા બતાવી છે એટલું જ નહીં ખેડૂત અને ગામડાંના અર્થકારણને અને સરવાળે દેશના અર્થતંત્રને પણ એવી તાકાત પૂરી પાડી છે જેની કૃષિ નિષ્ણાંતોએ પણ નોંધ લીધી છે, એમ તેમણે જણાવ્યું હતું. કૃષિ મહોત્સવ જેવું ક્રાંતિકારી આયોજન માત્ર ગુજરાત સરકારે જ કર્યું છે, અને ગયા આઠ વર્ષથી લગાતાર આખી સરકાર ખેડૂતોની પાસે જઈને કૃષિ વિકાસનું સરકારનું દાયિત્ય શું છે, તેની સમાજ આપે છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ તો બે વર્ષે એકવાર ત્રણ દિવસ યોજાય છે, પરંતુ આ કૃષિ મહોત્સવથી તો એક મહિનો આખી સરકાર ગામડે ગામડે પહોંચે છે. જે ખેડૂતોના બાવડામાં બળ પૂરે છે. પરંતુ એની નોંધનથી લેવાતી. આ સરકાર ખેતીપ્રધાન દેશની આ ખેતી વિશેની પ્રગતિની ઉપેક્ષા અને માનસિકતા બદલવા માંગે છે એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

સમૂહ લગ્નોને વ્યાપક સમાજ સ્વીકૃતિ મળી

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સમૂહલગ્નોને મળી રહેલી વ્યાપક સમાજની સ્વીકૃતિને આવકારતાં એવું પ્રેરક સૂચન કર્યું હતું કે, સમૂહલગ્નોના ઉત્તમ આયોજન માટેનું વૈજ્ઞાનિક શસ્ત્ર વિકસાવવાની જરૂર છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સુરત જિલ્લાના ઝંખવાવમાં સહારા માનવકલ્યાણ ટ્રસ્ટ વાડીના ઉપક્રમે યોજાયેલા સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવમાં ઉપસ્થિત રહીને ૨૫૧ નવયુગલોને સુખી-સંપન્ન દાંમ્પત્યની શુભેચ્છા પાઠવી હતી. વનવાસી ક્ષેત્રમાં સમૂહલગ્નોની સામાજિક સ્વીકૃતિને આવકારતાં તેમણે જણાવ્યું કે, સમૂહલગ્નોના સમગ્રતયા તલસ્પર્શી આયોજન અંગેનું વૈજ્ઞાનિક શસ્ત્ર હવે તૈયાર કરવાનો પણ સમય પાકી ગયો છે. સમૂહલગ્નમાં હવે સાધનસંપન્ન પરિવારોની નવી પેઢી પણ જોડાય છે જેણે સમૂહ લગ્નોને નવી પ્રતિષ્ઠા અપાવી છે.

લોકશાહી કે લોકશાહી !

મગન અને છગન બાળપણના મિત્રો, શાળા-કૉલેજમાં સાથે ભણેલા. મગન નસીબજોગે અમેરિકા પહોંચી જાય છે અને છગન અમદાવાદ નજીક ગામમાં રહી ખેતી કરે છે. ૩૦ વર્ષ બાદ મગન ભારત આવે છે, બંને મિત્રો આનંદથી મળે છે.

દ્રશ્ય-૧

છગન ચાલતાં-ચાલતાં મગનને સાબરમતી બતાવવા લઈ જાય છે. બંને જવાહરચૉકથી ભુતિયા બંગલા બાજુ જાય છે. રસ્તામાં સ્વામિનારાયણ મંદિર પાસે અને આજુબાજુ રોડને અડીને જ ખીલા મારી ભેંસો બાંધેલી નજરે પડે છે. ત્યાં મંદિરની દીવાલ ઉપર છાણાં થાપેલાં નજરે પડે છે. જાણે કોઈ કલાકારે દીવાલ ઉપર અવનવી ડિઝાઈન પાડીને લીંપણ ન કર્યું હોય. મગનને બહુ નવાઈ લાગે છે. ભેંસોવાળાને આનું કારણ પૂછે છે. પ્રથમ તો ભેંસવાળો એમની સામે તાકી રહે છે. હાથમાં પકડેલી મોટી લાકડી બતાવીને ભેંસવાળો જવાબ આપે છે, 'એ ડોસાઓ, લોકો રોડ ઉપર ગાડીઓ પાર્ક કરે એ તમને દેખાતું નથી અને આ મારી ભેંસો જ દેખાય છે ? અને ભાઈ, સરકારે અમને છાણાં થાપવા ક્યાં જમીન આપી છે ? છાણાં તો મંદિરની દીવાલ ઉપર જ થપાય ને ? આ તો લોકશાહી છે. રોડ કિનારે ભેંસો બાંધવાનો અને દીવાલ ઉપર છાણાં થાપવાનો અમારા બાપ-દાદાઓથી ચાલ્યો આવતો અમારો અધિકાર છે, આમાં વચ્ચે તમે અમને કહેનાર કોણ ? ચાલતી પકડો.' બંને ચૂપચાપ ત્યાંથી ચાલવા માંડે છે.

દ્રશ્ય-૨

બંને ચાલતાં ચાલતાં મહેસાણા જવાના હાઇવે ઉપર આવે છે. રસ્તા ઉપર કામ ચાલુ છે. રોડ વચ્ચે ધીમું ધીમું કામ કરતાં ફક્ત મજૂરો જ દેખાય છે. ન તો કૉન્ટ્રાક્ટર હાજર છે કે ન તો સરકારનો સુપરવાઈઝર હાજર છે. ફક્ત મજૂરો પોતપોતાની રીતે પોતાની આવડત પ્રમાણે રામભરોસે કામ કરતા નજરે પડે છે. ત્યાં રોડ વચ્ચે સિમેન્ટની મોટી ટાંકીઓ જેવી કુંડીઓ છે. બંને નજીક જઈને જુએ છે તો આ ગટર માટેની કે વરસાદનું પાણી નિકાલ કરવાની મોટી પાઇપલાઈનને જોડેલ કુંડીઓ હોય એમ લાગે છે. બંને અંદર ડોકિયું કરે છે તો પોણા ભાગની કુંડીઓ સિમેન્ટ કૉંક્રીટના પહેલાંના બનેલા બ્લૉકથી ભરાયેલી લાગે છે. કુંડીઓ તો બનાવી પણ કૉન્ટ્રાક્ટરને પહેલાં ત્યાં બનેલ કૉંક્રીટ બ્લૉક તોડવાનું ગમતું નથી. છગન મગનને કહે છે, ભાઈ આમાંથી પાણી સાથે ક્યરો હોય તે કેવી રીતે આગળ જશે ? આ ગટરો તો ઊભરાઈ જશે. સુપરવાઈઝર કરનાર સરકારી સાહેબોને આ નહીં દેખાતું હોય ? છગન કહે, આવું નાનું નાનું અને ઝીણું ઝીણું કામ જોવા માટે સરકારી સાહેબોને સરકારે દૂરબીન થોડાં જ આપ્યાં છે ? અને આવું જોવાની નવરાશ પણ કોને છે ? કારણ કે આ તો લોકશાહી છે.

દ્રશ્ય-૩

બંને આગળ વધે છે તો એક મોટર રિપેરીંગ ગૅરેજ સામે બે મોટી ટ્રકો એવી રીતે ઊભી રાખેલી જુએ છે કે જેથી ફૂટપાથ પુરેપુરો બ્લૉક થઈ જાય અને લોકોને ચાલવામાં પણ અગવડ પડે. બાજુમાં ક્યરાનો મોટો ઢગલો પડ્યો છે. મગન કહે, આ તો નવાઈ કહેવાય. ત્યારે છગન જવાબ આપે છે કે, ભાઈ આ ફૂટપાથ સરકારે આપણને ચાલવા માટે થોડા બનાવ્યા છે ? અહીં તો ફેરીયાઓને દુકાનો કરવાની, શાકભાજીવાળાઓને લારી ઊભી રાખવાની, લોકોને સ્કૂટર ચલાવવાની, સાયકલો ચલાવવાની, જ્યાં ત્યાં કચરો ફેંકવાની, બિનકાયદેસર કામ કરવાની લોકશાહીમાં છૂટ છે. પાછળથી એક સ્કૂટરસવાર રૉંગસાઈડમાં આવે છે અને જોરથી હૉર્ન વગાડે છે. બંને ચમકીને પાછળ જુએ છે ત્યાં સ્કૂટર ચાલક મોટેથી બોલે છે, 'એ ડોસાઓ, સંભળાતું નથી ? બહેરા છો ?'

દ્રશ્ય-૪

બંને ચાલતાં ચાલતાં સોસાયટીમાં આવે છે. રોડ ઉપર એક ઘર સામે પાણીનું તળાવ ભરાયું હોય એમ લાગે છે. આવા તો કેટલાંય મકાનો આગળ ગૃહિણીઓને ઘર ધોઈને દરરોજ ઘર આગળ પાણી ઢોળવાની ટેવ છે. અહીં તો પાણીનાં નળ પણ ચૉવીસ કલાક ખુલ્લાં રાખે છે. કેટલાંક તો પાણીનાં નળનો સવારે ઊઠવા માટે ઍલાર્મ તરીકે ઉપયોગ કરે છે. જોર-જોરથી નળમાં પાણી નીકળવાનો અવાજ આવે એટલે લોકો સમજે કે ઊઠવાનો ટાઈમ થઈ ગયો. મગનને આવું બધું જોઈ ખૂબ નવાઈ લાગે છે.

દ્રશ્ય-૫

મગનનો એક મિત્ર મગન સાથે જ અમેરિકાથી ભારત આવેલ છે. તેને પાછા જવા ઍર ટિકીટ ખરીદવી છે. ત્રણ માસ પહેલાં ઍર ઇન્ડિયામાં ફોન કરે છે. જવાબ મળે છે, ત્રણ માસ સુધીનું બધું જ બૂકીંગ થઈ ગયું છે. તે કોઈ ટ્રાવેલ એજન્સીની ઑફિસે જાય છે. ભાવ પૂછે છે. ન્યૂયૉર્ક જવાની ટિકીટના રૂપિયા પાંત્રીસ હજાર છે. તેના બીજા ઓળખીતા સંબંધી પાસે પહેલાં કોઈ બીજા ટ્રાવેલ એજન્ટને ત્યાં તપાસ કરાવી તો આ જ ટિકીટનો ભાવ રૂપિયા તેત્રીસ હજાર માલૂમ પડે છે. જુદા જુદા ટ્રાવેલ એજન્ટો પાસેથી તપાસ કરતાં તેને માલૂમ પડે છે કે અહીં તો દાણચારો અને માફિયાઓ પણ ટ્રાવેલ એજન્સીઓ ચલાવે છે. કાળા નાણાંને ધોળા કરવાનો આ સહેલો રસ્તો છે. આ લોકો મોટા ભાગની ઍરલાઈન્સની ૭૫ ટકા ટિકીટો ત્રણથી ચાર માસ પહેલાં પોતાના મની પાવર, મસલ પાવર અને ઓળખાણથી ખરીદી લે છે અને જેવો ગ્રાહક તે પ્રમાણે વેચે છે. આવું જ્યાં ચાલતું હોય ત્યાં ઍર ઇન્ડિયા ખોટ ન કરે તો બીજું શું થાય ? કારણ આ લોકશાહી છે.

- ઍસ પી પટેલ

વાણી એ તો માનવીને મળેલી પરમ ભેટ છે

ૐ વાક્ મે મનસિ પ્રતિષ્ઠિતા મનો મે વાચિ પ્રતિષ્ઠિતમ્

- ઐતરૈય ઉપનિષદ

મારી વાણી મારા મનમાં પ્રતિષ્ઠિત થાઓ. મારું મન મારી વાણીમાં પ્રતિબિંબિત થાઓ.

ઐતરૈય ઉપનિષદના શાંતિમંત્રનો આ પ્રારંભ છે. ઉપનિષદનો અભ્યાસ શરૂ કરતા પહેલાં ગુરુ-શિષ્ય સાથે બેસી શાંતિમંત્રનો પાઠ કરતા. ત્યારપછી જ અભ્યાસની શરૂઆત થતી. શાંતિમંત્રો પણ તત્ત્વજ્ઞાન ભરેલાં ગહન-ગંભીર હોય છે. ઋષિ આ બે પંક્તિઓમાં પોતાની વાણી મનમાં પ્રતિષ્ઠિત થાય તથા મનનું પ્રતિબિંબ વાણીમાં ઝીલાય તેવી પરમ તત્ત્વને પ્રાર્થના કરે છે. આ પ્રાર્થનાનું રહસ્ય સમજીએ.

વાણી એ તો માનવીને મળેલી પરમ ભેટ છે. અન્ય પ્રાણી અવાજ કરે છે પણ માનવી તો પોતાના વિચારોને વાણીમાં અભિવ્યક્ત કરી શકે છે. ઉપનિષદના ઋષિએ મનના ત્રણ ગુણો ગણાવ્યા છે. સત્યપ્રિયતા, સૂચિતા તથા નિર્મળતા. આ ગુણો પોતાની વાણીમાં પ્રગટે તેવી ઇચ્છા વ્યક્ત કરી છે. એટલે કે કોઈ પણ વ્યક્તિની વાણી સત્યમય, સાત્ત્વિક, પવિત્ર, સ્પષ્ટ, નિર્મળ, સરળ અને સહજ હોવી જોઈએ. મનમાં જે કંઈ વિચારાય તેવા જ સ્વરૂપે વાણીમાં અભિવ્યક્ત થવું જોઈએ. મન અને વાણી વચ્ચે ઐક્ય સધાય, શ્રી ગુણવંતભાઈના શબ્દોમાં, 'મન તથા વાણીનું લગ્ન થાય,' બંને વચ્ચે અદ્વૈત સધાય ત્યારે જ મનનું પ્રતિબિંબ વાણીમાં ઝીલાય. ત્યારે જ વાણી પ્રભાવક બને. જગદ્‌ગુરુ શંકરાચાર્યજીના મંતવ્ય પ્રમામે જે વાણી પાછળ સત્ય, સદાચાર, શીલ તથા મૌનનું બળ હોય છે તે જ વાણી અતિ પ્રભાવક તથા અસરકારક હોય છે. આજે આપણે ત્યાં વાણીનો વધારેમાં વધારે દુરુપયોગ થાય છે. વાણી વેડફાય છે. વાણીના પ્રયોજન તથા પ્રયોગ માટે સજ્જનો તથા દુર્જનો વચ્ચે આ પ્રમાણે તફાવત દર્શાવાયો છે, *મનસ્યકં વચસ્યેકં કર્મણ્યેકં મહાત્માનામ, મન અન્યત્ર વચ અન્યત્ર કણ્યોર્ન્દય દુરાત્માનામ્*

સજ્જન પુરુષોના મન, વાચા તથા આચરણ એકરૂપ હોય છે, જ્યારે દુર્જનોના મનમાં એક વાત, વાણીમાં અન્ય તથા આચરણમાં કશુંક નવું જ હોય છે. કપટભરી કે વાક્‌છળભરી વાણી, દ્વિઅર્થી શબ્દના પ્રયોગો દુર્જનોનું ખાસ લક્ષણ છે.

વાણીમાં સત્ય પ્રતિષ્ઠા

સત્ય પ્રતિષ્ઠિત વાણીનું મહત્ત્વ તથા તેનો મહિમા તો જગતના સર્વ ધર્મો ગાય છે. વેદમાં કહેવાયું છે કે 'સત્ય બ્રૂહિ, પ્રિયં બ્રૂહિ.' સત્ય બોલો, પ્રિય અને મધુર બોલો. વાણી પાછળ સત્યનું બળ તથા તેજ હોય તો તેનો કેવો પ્રભાવ પડે છે તે પૂ. બાપુએ જગતને દર્શાવ્યું છે. તેમના વિચારો કેવા સરળ, સાદા તથા સત્યથી ભરપૂર ભાષામાં વ્યક્તથયા છે. 'સત્યના પ્રયોગો' એ માત્ર પ્રયોગોનું જ સત્ય દર્શાવતો ગ્રંથ નથી. પણ બાપુની વાણીનું સત્ય પણ દર્શાવે છે.

'ડેઝર્ટેડ વિલેજ' કાવ્યનો કવિ 'પાદરીની વાણી દ્વિગુણિત બળથી ઉચ્ચારાતી' તેવો નિર્દેશ કરે છે. આ દ્વિગુણિત બળ એ સત્ય વાણી તથા સત્ય આચરણનું બળ હતું.

પ્રિય વાક્ય પ્રદાનેન તુષ્યન્તિ સર્વજન્તવઃ

મીઠી વાણીથી સૌ સંતુષ્ટ થાય છે. વામીની મધુરતા મૈત્રી સાધી આપે છે. મીઠી વાણીથી દુશ્મનો પણ મિત્ર બને છે. લોકોક્તિ છે કે, 'કોયલડીને કાગ, વાને વર્તાય નહીં. પણ જીભલડીએ જવાલ, સાચું સોરઠિયો ભણે.'

સંસ્કૃત સુભાષિતે તો વધારે સ્પષ્ટતા કરી છે કે 'કોયલ આપણને કંઈ દેતી નથી ને કાગડો તથા ગધેડો કંઈ લઈ લેતા નથી, માત્ર વાણીના કારણે જ પ્રિય તથા અપ્રિય બને છે.'

સંસ્કાર ચિંતન
- અનંતરાય ન વ્યાસ

કઠોર વાણીના કારણે કરેલા ઉપકારો ભુલી જઈ મિત્રો દુશ્મન બને છે. વાણી જ આગ લગાડી શકે છે ને વાણી જ આગ ઓલવી પણ શકે છે. વ્યક્તિના સ્વભાવ, સંસ્કાર તથા કુલિનતાનો પરિચય તેની વાણી દ્વારા તુરંત થાય છે. 'યથા યથા મુંચતિ વાકયવાણમ્ તથા તથા જાતિ-કુલં પ્રમાણમ્.' માટે સમાજ વચ્ચે બોલતાં પહેલાં સો વખત વિચાર કરવો. 'એકાદ ઉચ્ચારાયેલા શબ્દના આપણે ગુલામ છીએ' તે યાદ રાખીને જ વચન ઉચ્ચારવાં.

વાણીની સૂચિતા-શુભ્રતા-પવિત્રતા એ અન્ય લક્ષણો છે. પવિત્રતાનો અર્થ મંગલમય, સાદી, સરળ ને ઋજુ ભાષા, જે નમ્રતાપૂર્વક બોલાય. નમ્રતાને બદલે તડ ને ફડ કરનારા આપણે ત્યાં વધુ જોવા મળે છે. 'અમે તો મોઢામોઢ સંભળાવી દીધું.' આવું બોલનારાનો અહમ્ સંતોષાય ખરો, પણ સાંભળનારની મનઃસ્થિતિનો આ લોકો વિચાર નથી કરતા. ચાણક્યે લખ્યું છે, ' અગ્નિદાહ કરતાં વાક્‌દાહ વધારે ભયંકર હોય છે.' ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે, 'ગૌરવશાળી વ્યક્તિઓ માટે અપયશ મરણ કરતાં વધારે દુખદ છે. મરણનું દુખ એક વખતનું ત્યારે અપમાનનું દુખ તો જીવનભરનું.' આપણું લોકગીત છે, 'કાંકરીના માર્યા ન મરીએ વાલમજી, મેણાંના માર્યા મરીએ...' માટે કોઈ વ્યક્તિ માટે અપમાનજનક શબ્દો ન વાપરવા. દ્રૌપદીનો વગર વિચાર્યે ઉચ્ચારેલો એક બોલ પણ મહાભારતના યુધ્ધનું એક કારણ હતું જ ને ! કહેવાય છે કે જીભના ટેરવે જ અમૃત તથા ઝેર બંને વસે છે. આપણે શું પસંદ કરવું છે તે વિચારીને જીભ વાપરવી.

પ્રભાવક વાણી માટે શ્રીમદ્ શંકરાચાર્યે મૌનને પણ મહત્ત્વ આપ્યું છે. જે લોકોમાં વાણી તથા મન વચ્ચે છૂટાછેડા થઈ ગયા હોય તેવા લોકો બહુ જ બોલબોલ કરતા હોય છે. વાણીનું મૌન એટલે ક્યાં અને ક્યારે અટકી જવું તે. મિત ભોજન જેમ અઘરું છે તેમ વાણીનું નિયંત્રણ પણ દુષ્કર છે. વાક્ સંયમા ઈ નૃપતે અતિ દુષ્કરમ્ (વિદૂર નીતિ). અનિયંત્રિત વાણી જ સંહારક બને છે. વાણી વિલાસમાં રાચતા તથા આડેધડ ભાષણો ભરડતા આપણા નેતાઓને આ વાતનો જરા પણ ખ્યાલ નથી હોતો. પરિણામે તેઓને વારંવાર થૂંક્યું ગળવું પડે છે. તેઓનાં વચનોની અસર ક્ષણિક હોયછે. વિચારોની સઘનતા, ઊંડાણ તથા જ્ઞાન ન હોય તેવા ઉપરછલ્લા શબ્દો ક્યારેય ચિરંજીવ બનતા નથી. કેટલાક માણસો 'વચને કા દરિદ્રતા'નો અર્થ એવો કરે છે કે શબ્દોમાં કંજુસાઈ ન કરવી. ભારેખમ શબ્દો વાપરવા. અટપટાં વાક્યો બોલવાં. જેમાંથી કશો અર્થ ન વરતાય. આવા લોકો મોટાભાગે તો ખુશામત કરનારા જ હોય છે. પોતાના બૉસ માટે ગમે તેવા શબ્દો શોધે છે. પણ 'વચને કા દરિદ્રતા'નો અર્થ 'વાણીમાં કઠોરતા શા માટે લાવવી' તેવો છે. પૂ. મોરારિબાપુ કે શ્રી રમેશભાઈની કથામાં માનવ મહેરામણ શા કારણે ઉમટે છે ? કથા તો ઘેર-ઘેર જાણીતી છે. કારણ વાણીમાં દિવ્યતા છે. પ્રેમમયતા છે, ભારોભાર પવિત્રતા છે.

મન તથા વાણીનું ઐક્ય ન સધાયું હોય ત્યારે માણસ ઉઘાડો પડી જાય છે. તે પોતાના આંતરભાવથી નથી બોલતો, માત્ર ગોખેલા શબ્દો વ્યક્ત કરે છે. વાણીનો સંબંધ જીભ કરતાં મન સાથે વધુ છે. હૈયે હોય તેવું ઘણીવાર હોઠે આવી જાય છે. અસત્યભાષી ઘણીવાર ગભરાટ અનુભવે છે. કારણ તેના મન તથા સ્વાર્થી બુધ્ધિ વચ્ચે સંઘર્ષ ચાલતો હોય છે. મન તો જે સત્ય છે તે જ કહેવા માટે દબાણ કરે છે જ્યારે બુધ્ધિ તેનો વિરોધ કરે છે. પરિણામે તેના શબ્દો તથા વાક્યોમાં વિસંગતતા પ્રવેશે છે જેના આધારે પોલીસ તપાસમાં સત્યશોધક યંત્ર પાસે તે લગભગ પકડાઈ જાય છે.

જેને પોતાનું માન સાચવવું છે તેણે સામી વ્યક્તિનું માન સાચવવું જોઈએ. વાણી જ એક એવી પ્રક્રિયા છે જેના વડે તમે તમારા વિચારો તથા ભાવનાઓને સ્વરૂપ આપી શકો છો. મનમાં ગમે તેટલો પ્રેમભાવ હોય પણ યોગ્ય સમયે જો યોગ્ય શબ્દ વડે તમે અભિવ્યક્ત ન કરો તો જીવનમાં ઘણી સમસ્યા સર્જાઈ જાય છે. પતિ-પત્નીના સંબંધો તૂટવાનું કારણ એકમાત્ર તેઓની વાણી જ હોય છે.

આપણે ત્યાં વાણીનો બફાટ, વેડફાટ થાય છે. વાણીનું પ્રદૂષણ પણ અતિ મોટું ને નુકસાનકારક હોય છે તેની લોકોને હજી ખબર નથી.

અને છેલ્લે, આપણે વાણીની દેવી સરસ્વતીને માન્યાં છે. સરસ્વતી એ શુભ્રતા, સૂચિતા અને નિર્મળતાનું પ્રતીક છે. વાણી માટે પણ આ ગુણો જ મહત્ત્વના છે. 'અર્થસભર તથા સુંદર વક્તવ્ય ક્યારેય લાંબું હોતું નથી.' સંક્ષેપતા અસરકારક બને છે. પણ જો સરસ્વતી દેવી પર આભૂષણોનો ખડકલો કરવામાં આવે તો તેમની સુંદરતા ઝાંખી પડે છે. તેમ વાણીમાં નિરર્થક શબ્દ પ્રયોગો અસર નષ્ટ કરે છે. વિચાર તથા આચારની શુધ્ધતાથી વાણી મધુર બને છે. ઋષિએ વાગ્‌દેવીની પ્રાર્થના કરતાં ગાયું,

'વાણીં વન્દે ગિરાં દેવી શબ્દ બ્રહ્માત્મિકા પરામ્, યસ્ય સ્મરણ માત્રન પ્રકાશ સુલભો ભવેત્.'

શબ્દ બ્રહ્મરૂપવાળી પરાવાણી માતા સરસ્વતીને હું વંદન કરું છું, જેના સ્મરણમાત્રથી જ્ઞાન પ્રકાશ પ્રાપ્ત કરવો સુલભ બને છે.